**Judgement** **C.C.No.60696/2022**

દાખલ તારીખ : ૦૮ –૧૦–૨૦૨૨

નોંધણી તારીખ : ૦૮ –૧૦–૨૦૨૨

ફેસલ તારીખ : ૦૯–૦૨–૨૦૨૩

સમયગાળો: વર્ષ:, માસ:, દિવસ:

=========================================

**સુરતના મે. આઠમા એડી.સીવીલ જજ તથા જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.સુરત.**

=========================================

**ક્રિમીનલ કેસ.નં. ૬૦૬૯૬/૨૦૨૨**

**આંક – ૧૧**

**ફરિયાદી:–** **શ્રી સરકાર.**

**વિરૂધ્ધ**

**આરોપી:–** **ભુપાલ રામનારાયણ ગુપ્તા,ઉ.વ.આ.૩૩,**

રહેઃ પ્લોટ નં. ૪૧, બાપા સીતારામ સોસાયટી, આશિષ હોટલની બાજુમાં, સચીન જી.આઇ.ડી.સી. સુરત.
મુળ ગામ જુડી પુનીયા પોસ્ટ ભાનપુર રાણી થાના– ભવાનીગંજ, જી. સિધ્ધાર્થનગર, યુ.પી.

=========================================

**ગુનોઃ ઈ.પી.કો. કલમ–૨૭૯,૩૩૭,૩૩૮,તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.**

=========================================

ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી વી. જી. પટેલ

આરોપી તરફે વિ. વકીલ શ્રી જી. એ.પોદાર

=========================================

**(૧) પ્રસ્તાવના :–**

આ કામના આરોપી વિરૂધ્ધ સચીન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૧૧૨૧૦૦૦૨૨૨૨૮૭૦/૨૦૨૨ થી ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ– ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબનો ગુનો નોંધાયેલ છે.

**(૨) ફરિયાદની ટુંકમાં હકીકત :–**

હાલના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તેઓની સાથે કામ કરતા માણસો સાથે ઓટો રીક્ષા નંઈ જી.જે.૦૫.બી.વા. ૭૨૯૧ માં બેસી તેઓના કામધંધા ઉપર જતા હતા તે વખતે એક ટાટા એ.સી. ફોર વ્હીલ ટેમ્પો નં. જી.જે.૦૫.સીયુ.–૫૧૧૬ ના ચાલક ભુપાલ રામનારાયણ ગુપ્તાનાઓએ પોતાના કબજાનો ટેમ્પો પુરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઇડમાં ચલાવી લાવી ઓટો રીક્ષા નં. જી.જે.૦૫.બી.વાય.–૭૨૯૧ ને ટકકર મારતા ઇજા પામનારને બન્ને પગે ફ્રેકચરની ઇજાઓ પહોંચાડતા આરોપી વિરૂદ્ધ ઇ.પી.કોડની કલમ –૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબનો ગુનો નોંધેલ અને તપાસના અંતે ત.ક.અ. એ આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૩) **કેસની કાર્યવાહી :–**

ફરિયાદીની ફરિયાદના અનુસંધાને આ કામના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૭૩ અન્વયે અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ કામના આરોપી જામીન મુકત હોય, અત્રેની કોર્ટને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૯૦ અન્વયે કોગ્નીઝન્સ લેવાની સત્તા હોય, આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધનો ગુનો સમન્સ ટ્રાયબલ હોય આરોપીને ગુનાની હકીકતોને વાંચી સંભળાવી, સમજાવી આરોપી વિરૂધ્ધ આંક–૦૫ થી પ્લી નોંધવામાં આવેલી. આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોઈ ફરિયાદપક્ષ તરફે કેસની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

(૪) ફરિયાદપક્ષે સદરહું ઈન્સાફી કાર્યવાહીમાં પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**(અ) મૌખિક પુરાવો**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧.** | ફરીયાદી શ્યામલાલ મુનેશ્વરલાલ સરોજની જુબાની | ૬ |

**(બ) દસ્તાવેજી પુરાવો**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧.** | ફરીયાદ | ૭ |
| **૨.** | પંચનામુ | ૮ |
| **૩.** | સારવાર અંગેનુ મેડીકલ સર્ટી | ૯ |

(૫) ફરીયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી પરથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામા આવેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતાં આરોપીનું વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતના આધારે ફરિયાદપક્ષનો કેસ, આરોપીનો બચાવ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાનમાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**::– મુ દ્દા ઓ – ::**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તેઓની સાથે કામ કરતા માણસો સાથે ઓટો રીક્ષા નંઈ જી.જે.૦૫.બી.વા. ૭૨૯૧ માં બેસી તેઓના કામધંધા ઉપર જતા હતા તે વખતે એક ટાટા એ.સી. ફોર વ્હીલ ટેમ્પો નં. જી.જે.૦૫.સીયુ.–૫૧૧૬ ના ચાલક ભુપાલ રામનારાયણ ગુપ્તાનાઓએ પોતાના કબજાનો ટેમ્પો પુરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઇડમાં ચલાવી લાવી ઓટો રીક્ષા નં. જી.જે.૦૫.બી.વાય.–૭૨૯૧ ને ટકકર મારતા ઈજા પામનારને બન્ને પગે ફ્રેકચરની ઈજાઓ પહોંચાડીઇ.પી.કોડની કલમ –૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**–: નિ ર્ણ યો :–**

**૧. નકારમાં,**

**૨. આખરી હુકમ મુજબ.**

**–: કા ર ણો :–**

આ કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલના ગુનામાં આરોપી વિરૃધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે.

**ઉપરોકત સિધ્ધાંતો નજર સમક્ષ રાખી, આ કામમાં પડેલા પુરાવાથી હાલના બનાવ માટે આરોપી જવાબદાર છે? બનાવ વખતે બનાવમાં કહેવાતુ વાહન આરોપી ચલાવતા હતા કે કેમ? તેમજ તેઓની ગુનાહિત બેદરકારીના કારણે હાલનો બનાવ બનેલ છે કે કેમ ? તે બાબત બચાવ પક્ષે ઉઠાવેલ તકરારના સંદર્ભમાં આ કેસના પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.**

(૮) આ કામે આંક–૬ થી આ કામના ફરીયાદી શ્યામલાલ મુનેશ્વરલાલ સરોજે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ આશરે ચારેક માસ પહેલા બનેલો. બનાવના દિવસે હું નોકરી પર જતો હતો અને હું રીક્ષામાં ડ્રાઈવરની સીટની બાજુમાં બેસેલો હતો. મારી સાથે કામ કરતા બીજા મિત્રો પણ હતા. સવારના સમયે નવસારી તરફ જતા મેઈને રોડ ઉપર નવજીવન રેસ્ટોરન્ટ પાસે પહોંચતા અમારી રીક્ષાની હું બેસેલ તે તરફ કોઇક વાહનથી ટકકર વાગતા મને બંન્ને પગના ભાગે ઈજા થયેલી. રીક્ષામાં બેસેલ બીજા કોઇને ઈજા થયેલ નથી . મને પુજા હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ. ડોકટર સાહેબે મને પગમાં ફેકચર હોવાનું જણાવેલ. અમારી રીક્ષાને ટક્કર કોણે મારેલી તેની મને ખબર નથી. મે બનાવ બાબતે પુજા હોસ્પીટલમાં ફરીયાદ આપેલી. જેમાં મે સહી કરેલી. મને ફરીયાદની અસલ કોપી બતાવવામાં આવે છે તે જે છે. જેને બચાવપક્ષે સંમતિથી સાથે રજુ દાખલ આંક ૭ આપવામા આવે છે. હું આરોપીને ઓળખતો નથી.

સદર સાહેદ ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોય વિ. એ.પી.પી.શ્રી દ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટ–તપાસ કરતાં તેમાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી. વધુમાં આરોપી તરફે કરવામાં આવેલ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતને સ્વીકારે છે કે, મને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદ ગુજરાતી ભાષામાં છે. એ વાત ખરી છે કે, પોલીસે મને તૈયાર ફરીયાદ બતાવેલ. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા ટ્રાફિકવાળો વિસ્તાર છે.

(૯) વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ નં.૩૮૯ માં એમ ઠરાવેલ છે કે,

**(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving -**

**Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.**

**વધુમાં તે ચૂકાદાના પેરા પ માં એમ ઠરાવેલ છે કે, Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:**

**(i) Rash and negligent driving or riding on a public way.**

**(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.**

(૧૦) આમ, ઉપરોકત ગુનાના આવશ્યક તત્વો ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ. ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓનું વિશ્લેષણ કરતાં સદર કામના ફરિયાદી શ્યામલાલ મુનેશ્વરલાલ સરોજ નાઓએ તેઓની સરતપાસમાં સાહેદને કોઇક વાહનથી ટકકર મારતા તેમને બન્ને પગને ઈજા થયેલીઈ તેમની રીક્ષાને કોણે ટકકર મારી તેની તેમને ખબર નથી. તેઓની ઉલટ તપાસમાં તેમને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. ફરીયાદ ગુજરાતી ભાષામાં છે. પોલીસે તેમને તૈયાર ફરીયાદ બતાવેલ.તેમજ બનાવવાળી જગ્યા ટ્રાફિકવાળો વિસ્તાર છે તે વિગતોને સ્વીકાર કરેલ છે. આમ જયારે અકસ્માતમાં ઈજા પામનાર સાહેદે જ તેમની જુબાનીમાં સદર ગુનો આ

કામના આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તેવી હકીકતને સ્પષ્ટપણે સમર્થન આપેલ નથી. ત્યારે આ કામના આક્ષેપીત ગુનાની કલમના મહત્વના તત્વોમાં બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કરવામાં આવેલ કૃત્ય છે અને તેવો નિષ્કર્ષ આપવામાં આવે તો જ આ કલમ લાગુ પડી શકે. આમ, આ કામે પુરતાં પુરાવાનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે અને પુરતા પુરાવાનો અભાવ હોય ત્યારે તે સંજોગોમાં આરોપીને સજા કરી શકાય નહી તેમ મારું નમ્રપણે માનવું છે. તેથી આરોપી પોતાનું વાહન પુરઝડપે ચલાવતા હતાં તે હકીકત નિ:શંક પણે પુરવાર થયેલ નથી અને આરોપીની રેસ એન્ડ નેગ્લીજન્સી નિ:શંકપણે સાબિત થયેલ નથી અને તે સંજોગોમાં આરોપીએ ઈ.પી.કો કલમ– ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબ ગુન્હો કરેલ તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–: હુ ક મ :–</u>

(૧) આ કામના આરોપી ભુપાલ રામનારાયણ ગુપ્તા,ઉ.વ.આ.૩૩,રહેઃ પ્લોટ નં. ૪૧, બાપા સીતારામ સોસાયટી, આશિષ હોટલની બાજુમાં, સચીન જી.આઈ.ડી.સી. સુરત.મુળ ગામ જુડી પુનીયા પોસ્ટ ભાનપુર રાણી થાના– ભવાનીગંજ, જી. સિધ્ધાર્થનગર, યુ.પી. નાઓને સી.આર.પી.સી.કલમ–૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) આ કામના આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭એ મુજબના રૂા. ૫,૦૦૦/–ના જાત જામીન તથા તેટલી રકમના જામીન આપવા.

આ હુકમ આજરોજ તા.૦૯મી, માહે ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૯/૦૨/૨૦૨૩
સુરત.

**(કુ.શ્રધ્ધા એન. ફાળકી )**
આઠમા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,
સુરત
**CODE NO.01579**